# શાસ્ત્રીયથી લોકસંગીત સુધી તબલાંની સફર

**ઘટ ઘટ પાની**
★ માવજી મહેશ્વરી

તબલાં મૂળ તો શાસ્ત્રીય સંગીત માટે બન્યાં હતાં પણ સમય જતાં શેરીમાં રમાતા રાસડા સુધી પહોંચી આવ્યા. તબલાં ધાર્મિક સંગીત (હિંદુસ્તાની સંગીત)નો ભાગ બન્યા, તો લોકગીતોની ઠેક બન્યા. ભારતીય ફિલ્મી સંગીતમાં પોતાનું સ્થાન જમાવ્યું. ભારતની બધી જ ભાષાઓમાં ભારતીય બની ગયેલા તબલાં શબ્દ મૂળે અરબી શબ્દ 'તબ્લ' પરથી આવ્યો છે. તબ્લનો અર્થ એક જાતનો ઢોલ થાય છે. તબલાંની શોધ ભારતના મહાન શાયર અમીર ખુશરોએ કરી છે. જો કે અમીર ખુશરોને માત્ર તબલાંના શોધક કહીએ તો તેમને અન્યાય કર્યો કહેવાશે. બહુમુખી પ્રતિભાના ધણી એવા યામિઉદીન આમીર ખુશરો એક પ્રતિભાવાન કવિ ઉપરાંત ઉચ્ચ કોટિના સંગીતજ્ઞ હતા. અમીર ખુશરો કવ્વાલીના પિતામહ ગણાય છે. હિન્દુસ્તાની શાસ્ત્રીય સંગીતમાં ખયાલ અને તરાના દાખલ કરનાર પણ અમીર ખુશરો જ હતા. તેઓ દિલ્હી સલ્તનતના રાજકવિ રહ્યા છે.

ભારતમાં તબલાંની શોધ પહેલાં પખવાજ નામનું સાધન હતું જ. અમીર ખુશરોએ પખવાજના વચ્ચેથી બે ભાગ કરી બે વાદ્ય બનાવ્યાં. જેમાં એક નાનું અને એક મોટું એમ બે વાદ્યો બન્યાં. આ રીતે બે સાધનની એક જોડ બની. જમણેરી વ્યક્તિના જમણા હાથથી વગાડાતો નાનો ભાગ તે દાંયાં કે દાહિંના કહેવાય છે. દાંયાં માટે સીધાં કે ચતું શબ્દ પણ વપરાય છે. બીજો જે પહોળો ભાગ હતો તે બાંયા તરીકે ઓળખાયો. જે જમણેરી વ્યક્તિના ડાબા હાથે વગાડાય છે. મોટા તબલાં ને ડુગ્ગી કે ધામા પણ કહેવાય છે. લોકભાષામાં તબલાંની જોડને નર-માદા કહેવામાં આવે છે. તબલાંએ આજ સુધી શાસ્ત્રીય સંગીતમાં પોતાનું અણનમ સ્થાન જાળવી રાખ્યું છે. મોટાભાગે નાનું તબલું (દાંયા) સીસમ અથવા વીડસાલમાંથી બનાવવામાં આવે છે. જ્યારે બાંયા (મોટું તબલું) પિત્તળ અથવા તાંબાનો બને છે. હવે સ્ટેનલેસ સ્ટીલના પણ બને છે. એક સમયે બંગાળમાં બાંયા તબલું માટીનું પણ બનતું. ભૂતકાળમાં પંજાબમાં બંને તબલાં લાકડાંના બનાવવામાં આવતાં. તબલાંની સ્વર ઊંચાઈ (ટ્યુનિંગ રેન્જ) વિસ્તાર મર્યાદિત હોવા છતાં આ વાદ્ય વડે વિશિષ્ટ ધ્વનિઓ પેદા કરી શકાય છે. ચામડાના અન્ય વાદ્યોની સરખામણીમાં તબલાં વગાડવા અઘરું ગણાય છે. તબલાં પર પડેલી એક ખોટી આંગળી લય બગાડી મૂકે છે.

**તબલાંમાં ચામડું બકરીનું હોય છે. જેને પુરી પણ કહેવાય છે. મોટાભાગના ચામડાનાં વાદ્યોમાં બે પડ સીધેસીધા દોરીથી બાંધવામાં આવે છે પણ તબલાંમાં પડની રચના જરા જુદી જાતની હોય છે. બેય તબલાંની ફરતે કિનારી હોય છે, જેના પર કોતરેલું એક વધારાનું પડ હોય છે, એ પડની મધ્યમાં કાળા રંગના વર્તુળ દેખાય છે તે વાસ્તવમાં એક જુદો પદાર્થ ચોંટાડવામાં આવેલો હોય છે. જેને શ્યાહી, શાહી કે ગાબા કહેવાય છે**

તબલાંમાં ચામડું બકરીનું હોય છે. જેને પુરી પણ કહેવાય છે. મોટાભાગના ચામડાનાં વાદ્યોમાં બે પડ સીધેસીધા દોરીથી બાંધવામાં આવે છે. પણ તબલાંમાં પડની રચના જરા જુદી જાતની હોય છે. બેય તબલાંની ફરતે કિનારી હોય છે, જેના પર કોતરેલું એક વધારાનું પડ હોય છે, એ પડની મધ્યમાં કાળા રંગના વર્તુળ દેખાય છે તે વાસ્તવમાં એક જુદો પદાર્થ ચોંટાડવામાં આવેલો હોય છે. જેને શ્યાહી, શાહી કે ગાબા કહેવાય છે. તબલાં પર શાહી ચોંટાડવાનું કામ અતિ ચોકસાઈ માગી લે તેવું છે. શાહીને કારણે જ તબલાં અન્ય સાધનો કરતાં જુદાં પડે છે. તબલાં મૂળે શાસ્ત્રીય અને ઉપશાસ્ત્રીય સંગીતનો એક ભાગ ગણાય છે. અમીર ખુશરોએ તેની શોધ કર્યા પછી તત્કાલીન સંગીત ધારાઓમાં તબલાંની સંગત જુદા જુદા ઘરાના તરીકે ખ્યાતિ પામી. જે આજે પણ એ જ નામે ઓળખાય છે. ઘરાના એટલે તબલાં વગાડવાની એક શૈલી. તબલાંવાદનના મૂળ બે ઘરાના છે. દિલ્હીબાજ અને પૂરબીબાજ. દિલ્હીમાં વિકાસ પામેલી તબલાંવાદનની શૈલીને દિલ્હીબાજ કહેવાય છે. જ્યારે ભારતના અન્ય ભાગોમાં વિકાસ પામેલી શૈલીને પૂરબીબાજ કહેવાય છે. તેમ છતાં સમગ્ર ભારતમાં કુલ છ જાતની તબલાંવાદન શૈલી સ્વીકૃતિ પામી છે. ભારતમાં દિલ્હી ઘરાના, લખનૌ ઘરાના, અજમેર ઘરાના, ફરુખાબાદ ઘરાના, બનારસ ઘરાના અને પંજાબ ઘરાના નામની છ તબલાં વાદન શૈલીઓ વર્તમાન શાસ્ત્રીય સંગીતમાં પ્રવર્તે છે. આમ તો આખાય ભારતમાં સારા તબલાં વિદ્યમાન છે પરંતુ તબલાંવાદનમાં જેમનું વિશેષ યોગદાન રહ્યું છે એવા ઉસ્તાદ અલ્લારખા ખાન, અહમદજાન થીરકવા, ઉસ્તાદ જાકીર હુશેન, કિશન મહારાજ, કંઠે મહારાજ, અનોખેલાલ તથા ગુદઈ મહારાજનાં નામો અગ્રસ્થાને છે.

ગુજરાતમાં તબલાં વિવિધ સ્થળે અને વિવિધ કાર્યક્રમોમાં વગાડવામાં આવે છે. પુષ્ટિમાર્ગી ભક્તોની એક ચોક્કસ ગાયકી છે. જેને હવેલી સંગીત કહેવાય છે. આ સંગીતમાં તબલાં વગાડનારા શાસ્ત્રીય સંગીતના જાણકારો હોય છે. તો ભૂતકાળમાં નવરાત્રીમાં છંદ ગાતી વખતે ઢોલ કે નગારું ખપ ન લાગતાં તબલાં પ્રવેશ્યાં. જૈનોના સ્તવન અને ચામર નૃત્યમાં વગાડવામાં આવતા તબલાં કોઈને પણ ડોલાવી મૂકે છે. સ્વામીનારાયણ સંપ્રદાયમાં પણ હરિભક્તો દ્વારા ગવાતા ભક્તિગીતોમાં તબલાંનો તાલ લીન કરી મૂકતો હોય છે. કચ્છ અને સૌરાષ્ટ્રમાં થતાં ભજનોના ડાયરામાં તબલચીઓ પ્રાણ પૂરતાં હોય છે. હજુય ક્યાંક સ્ત્રીઓ રાસે રમે છે ત્યારે ઢોલની જગ્યાએ તબલાં વગાડવાની પ્રથાઓ છે. ભારતમાં તબલાં વગાડનારને ઉસ્તાદ તરીકે જ સંબોધવામાં આવે છે. તબલાં આઈકોન બની ગયેલા ઉસ્તાદ જાકિર હુશેનની ચાની જાહેરાત યાદ ન આવે તો જ નવાઈ.



# ડેમ એમની જમીન પર છતાં પાણી માટે વલખાં!

**આપણી આસપાસ**
★ મિત્તલ પટેલ

**"જ્યાં નદીઓ જન્મી, ત્યાં જ લોકોના ગળા સૂકાયા,
જ્યાં ડેમ બંધાયા, ત્યાં જ રડીની આંખો રાતીચોળ થઈ,
આપણું ખેતર લીલું કરવા જેણે પોતાની ધરતી આપી,
એજ આજે વહાલુ વતન છોડી, મજૂરી અર્થે ભટકતા થયા"**

સાબરકાંઠાના ખેડબ્રહ્માના અંતરિયાળ વિસ્તારમાં આવેલા ખેડવા ને બહેડિયા ગામની મુલાકાતે જવાનું થયું ને પાણી માટે વલખા મારતા લોકોની વાતો સાંભળીને ઉપરોક્ત વાતો લખાઈ.

કુદરતે જેને મજબૂત પહાડો, ઘેઘૂર જંગલો ને ખળખળ વહેતી નદીઓની ભેટ આપી એવા આપણા આદિવાસી પટ્ટાના અનેક વિસ્તારની સ્થિતિ દયનીય છે. ગુજરાતની જીવાદોરી ગણાતી નર્મદા હોય કે તાપી, મહિ કે સાબરમતી. આમ રાજ્ય અને દેશભરની અનેક નદિઓના નીર, જેમના આંગણેથી વહે, એ લોકો આજે ટીપાં પાણી માટે વલખાં મારી રહ્યાનું જોઈને જીવ બળે. આપણે શહેરોમાં બેસીને ૨૪ કલાક પાણીના નળ ખુલ્લા રાખીએ. શું આપણને ખ્યાલ છે કે આપણા નળમાં પાણી પહોંચાડવા માટે કોણે પોતાની જમીનની કુરબાની આપી? વળી જે જમીન એમણે આપી એ કાંઈ બે પાંચ વર્ષમાં ખરીદી હોય એવી નહીં પણ પેઢીઓ જેના પર નભી હોય એવી બાપદાદાઓની જમીન.

બહેડિયાગામના એક ફળિયામાં અમે લોકોને પીવાનું પાણી મળી રહે તે માટે હેન્ડપંપ બનાવી આપવાનું નક્કી કર્યું ને એ માટે અમે ગામમાં ગયા. સૌએ ઉમળકાભેર અમારુ સ્વાગત કર્યું, પણ એ હરખ પાછળ છુપાયેલી વેદના જ્યારે મેં એમને પૂછ્યું કે, "તમે બધા આખું વર્ષ ગામમાં જ રહો છો?" ને એમણે જે જવાબ આપ્યો એમાં વર્તાઈ. ગામના આગેવાન પોપટભાઈએ કહ્યું, "બેન, આ ગામમાં ખાવા માટે શું છે તે અહીંયા રહીએ? ખેતીની જમીન છે, પણ પાણી નથી. ફેબ્રુઆરી મહિનો બેસે એટલે અમારે પોટલાં બાંધીને શહેરો તરફ નાસી જવું પડે. ત્યાં જઈને જે મળે તે મજૂરી કરીએ. કડિયાકામ, ખાડા ખોદવા કે બીજાના ખેતરમાં રાત-દિવસ કાળીમજૂરી. અમને શહેર નથી ગમતું, અમને તો અમારું ગામ વહાલું, પણ આ આ પાણી નથી તે.." પોપટભાઈના શબ્દોમાં સખત યાતના હતી. મે એમને કહ્યું, "તમે જ્યાં કમાવવા જાવ તે શહેરોનો કેવો વિકાસ થયો છે તો તમે ત્યાં રહી જાવ તો?"

"અમને શહેર નથી ગમતું. અમારે અમારા ગામમાં પાણીની સુવિધા થઈ જાય તો ક્યાંય જવું નથી પણ પાણી નથી.." પોપટભાઈની વાત પતી ત્યાં મુકેશભાઈએ કહ્યું, "અમારા વિસ્તારમાંથી આજથી 30 વર્ષ પહેલા કોઈ કામ ધંધા માટે બહાર નહોતું જતું. અમને અહીંયા જ પાણી જડી જતું પણ હવે નદીઓ સુકાઈ ગઈ. ક્યાંક નદીઓ પર ડેમ બંધાયા એટલે એ સુકાઈ. કૂવામાંથી પણ પાણી મળતું નથી."

ચંપાબહેને પણ પોતાની પીડા ઠાલવતા કહ્યું, "કૂવાની ક્યાં વાત કરો છો? હેન્ડપંપમાં પણ પાણી નથી. દીકરીઓ ભણવા જવાને બદલે બે-બે કિલોમીટર દૂરથી પાણી ઉપાડવાનું કરે. માલઢોર રાખવાની ઈચ્છા છે, પણ ગાય-ભેંસને પીવડાવવા પાણી ક્યાંથી લાવવું? એટલે માત્ર બે બળદ રાખીએ એ પણ માંડ જીવે. માથેથી પાણી ભરી લાવીને એને પીવડાવીએ.."

ગામના જાગૃત યુવાન સંજયભાઈએ એક સચોટ પ્રશ્ન પૂછ્યો એમણે કહ્યું, "ખેડવા ડેમ અમારા આદિવાસીઓની ભૂમી પર બંધાયો. આમ તો આદિવાસી વિસ્તારમાં બનેલા તમામ ડેમ આદિવાસીઓની પિતૃક જમીન પર જ બન્યા. આ ડેમ જ્યાં બન્યા ત્યાથી પાઈપલાઈન કે કેનાલ વાટે પાણી સેંકડો કિલોમીટર દૂર મેદાની વિસ્તારના 'ઉજળિયાતો' ના ખેતરો સુધી પહોંચે. પણ ડેમની સાવ અડીને આવેલા આ આદિવાસી ગામોમાં ટીપું પાણી નથી મળતું. અધિકારીઓ કહે છે કે, આ ગામો 'ઊંચાણ' પર છે એટલે પાણી ન પહોંચે. પણ આપણા આ ગુજરાતમાં બનાસકાંઠા જેવા સૂકા પ્રદેશોમાં જનશક્તિ ને સરકારની ઈચ્છાશક્તિ ભેગી થઈ, ત્યારે 'નેવાના પાણી મોભે ચડાવવાની' (Lift Irrigation) યોજનાઓ સાકાર થયેલી આપણે જોઈએ છીએ. જો રણ વિસ્તાર લીલોછમ થઈ શકતો હોય, તો આદિવાસીઓના આંગણે પાણી કેમ ન પહોંચે?" સંજયભાઈની વાત સો ટકા સત્ય હતી. જો મનછા શક્તિ હોય તો બધુ થઈ શકે. ક્યાંક સ્થાનિક આગેવાનોની ભૂમિકા પણ નબળી હોવાના કારણે પણ આ ક્ષેત્રમાં ઈચ્છિત કામ ન થયાનું જણાય. ક્યાંક સંગઠનનો પણ અભાવ દેખાય. મે ગ્રામજનોને, "ગામમાં તળાવ, ચેકડેમ નથી?" નું પુછ્યું.

જવાબમાં સૌએ, "તળાવ તો છે પણ ઊંડા નથી. ને ચેકડેમ તૂટી ગ્યો. અમે રોટલા ભેગા માંડ થઈએ તે આ બધુ જાતે તો કેમ કરીએ?" તમારા તળાવ બતાવશોનું ગામના સૌને કહ્યું ને સભા આખી ઊભી થઈ ને અમે સૌ પહોંચ્યા તળાવ પર.

અમે તળાવ પર પહોંચ્યા ને ખરેખર તળાવ જોઈને નવાઈ લાગી. તળાવ ઘણું મોટું, પણ કાંપ ભરાઈ જવાના લીધે તે છીછરું થઈ ગયેલું.



ગામલોકોએ કહ્યું, "જો આને આના જેવું ગામનું બીજુ એક તળાવ છે એ બેયને ઊંડા કરવામાં આવે, તો લાખો લિટર પાણીનો સંગ્રહ થઈ શકે ને માત્ર બહેડિયાની પાંચ હજારની વસતિ નહીં પણ આ તળાવના લીધે આજુબાજુના છ ગામની અંદાજે 25,000ની વસતિને ફાયદો થાય."

આદિવાસી વિસ્તારમાં તળાવ ઊંડા કર્યા પછી પણ એમાંથી પાણી ફેબ્રુઆરી, માર્ચ આવતા ખાલી થઈ જાય. આ સ્થિતિમાં મોટા તળાવમાં બે ભાગ કરવામાં આવે ને એક ભાગમાં તળાવ ઊંડુ કર્યા પછી પ્લાસ્ટિક પાથરવામાં (Geomembrane) આવે તો પાણી જમીનમાં ઉતરી ન જાય અને અડધો ભાગ ખુલ્લો રાખવામાં આવે જેથી તેમાં ભરાતુ પાણી જમીનમાં ઉતરે ને એના લીધે આજુબાજુના કૂવા રિચાર્જ થાય. પાછુ ખેડવા ડેમમાંથી વધારાનું પાણી પાઈપલાઈન દ્વારા આ તળાવોમાં નાખવામાં આવે, તો આજુબાજુના ૧૦ ગામોમાં કાયમી સ્થળાંતર અટકી જાય.

આજે ગુજરાત સમૃદ્ધિના શિખરે છે. આ સમૃદ્ધિના પાયામાં આદિવાસી સમાજનું બલિદાન છે. તેમણે ડેમ માટે પોતાની જમીન આપી, જંગલો બચાવવા માટે પોતાનું જીવન ખર્ચી નાખ્યું. જે પાણીથી આપણી ખેતી અને ઉદ્યોગો ધમધમે છે, એ પાણીના અસલી માલિકો આજે 'વખાના માર્યા' શહેરોમાં મજૂરી કરવા મજબૂર બન્યા છે. આપણી પૂર્વ પટ્ટીના આદિવાસી વિસ્તારોમાંથી પાણીના અભાવે દર વર્ષે ૬૦% થી વધુ પરિવારો સ્થળાંતર કરે છે. આ સ્થળાંતરને લીધે તેમના બાળકોનું શિક્ષણ છૂટી જાય છે. આવામાં આ વિસ્તારમાં જળસંચયના કાર્યો સઘન ને એમાં પારદર્શી કામ કરી શકે તેવી સ્વૈચ્છીક સંસ્થાઓને જોડવાની જરૂર છે. સમાજે પણ પોતાનું યોગદાન આ કાર્મમાં આપવું રહ્યું.

**"ડેમ જ્યાં બન્યા ત્યાથી પાઈપલાઈન કે કેનાલ વાટે પાણી સેંકડો કિલોમીટર દૂર મેદાની વિસ્તારના 'ઉજળિયાતો'ના ખેતરો સુધી પહોંચે, પણ ડેમની સાવ અડીને આવેલા આ આદિવાસી ગામોમાં ટીપું પાણી નથી મળતું."**